# દાવડમાં સરકારી જમીનમાં રસ્તો રોકી દબાણ ૫ વર્ષથી બાંધકામ દૂર કરવામાં તંત્ર નિરસ

બાયડ તા.૦૮

ઈડર તાલુકાના દાવડના વિહોલવાસમાં સરકારી જમીનમાં અવર જવરનો રસ્તો બંધ કરી અમરસિંહ ભવાનસિંહ વિહોલ દ્વારા દબાણ કરી બાંધકામ કરવામાં આવ્યું છે. આ અંગે ઉચ્ચ કક્ષાએ ફરિયાદો કરવા છતાં તંત્ર અન્ય લોકોની રસ્તાની સગવડને હોંશિયામાં ધકેલી દઈ થયેલ દબાણ દૂર કરાવવામાં નિરસ રહેતાં રોષ વ્યાપ્યો છે.

૫ વર્ષથી રસ્તાના દબાણ મુદ્દે ઉચ્ચ કક્ષાએ રજૂઆતો કરવામાં આવી હોવા છતાં તાલુકાનું વહીવટી તંત્ર ઘોર નિંદ્રામાં પોઢી રહ્યું છે જેથી વિહોલવાસના અન્ય રહીશો દબાણ દૂર કરવામાં નહીં આવે તો આગામી સમયમાં આમરણાંત ઉપવાસ ઉપર ઉતરવાની ચીમકી ઉચ્ચારી છે.



ઉચ્ચ કક્ષાએ રજૂઆતો છતાં તાલુકાનું વહીવટી તંત્ર ઘોર નિંદ્રામાં

પ્રાપ્ત જાણકારી મુજબ તાલુકાના દાવડ ગામે બસ સ્ટેશનથી દિપસિંહ અભેસિંહ વાઘેલાના ઘર તરફ જતા રસ્તામાં કેટલાક ઈસમો દ્વારા દબાણ થતાં અન્ય રહીશોને પસાર થવામાં અવરોધ ઉભો થયો છે.

દબાણ દૂર કરવા અંગે દાવડ ગ્રામ પંચાયત, ઈડર તાલુકા પંચાયત વગેરેને સાધનિક પુરાવા સાથે રજૂઆત કરી હોવા છતાં દબાણ દૂર કરવામાં આવ્યું નથી જેના કારણે દિવસે..દિવસે રસ્તાનો પ્રશ્ન વધુ વિકટ બન્યો છે.

અમરસિંહ ભવાનસિંહના પરિવાર દ્વારા અન્ય લોકોનો અવર જવરનો રસ્તો બંધ કરી બાંધકામ કર્યું હોવા છતાં તંત્ર દબાણ કરવાવાળાઓને છાવરી રહ્યાના ગંભીર આક્ષેપ છે. જેથી દબાણ થયેલ છે તે રસ્તો ખુલ્લો કરવામાં નહીં આવે તો કેટલાક પરિવારોએ આમરણાંત ઉપવાસ ઉપર બેસવાની ચીમકી આપી છે. વર્ષ-૨૦૦૫ થી કોદરસિંહ છગુસિંહ વાઘેલા તથા અન્ય રાજપૂત પરિવારે દબાણો દૂર કરવાની માંગ કરી છે પરંતુ છેલ્લા ૧૬ વર્ષથી તંત્ર કોઈ કાર્યવાહી કરતું નથી તેનો રોષ પણ હવે ચરમસીમાએ છે.

## ગ્લેશિયર હોનારત : સાબરકાંઠામાંથી ઉત્તરાખંડ એડવેન્ચર ટ્રેકીંગમાં પહોંચેલા ૪ યુવાનો ફસાયા, સલામત હોવાની જાણ કરી

### પરિવાર સાથે તંત્રનો સતત સંપર્ક

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

ઉત્તરાખંડના ચમોલીના રેણી ગામ નજીક ગ્લેશિયર તૂટી પડતાં અનેક લોકો મોતને ભેટ્યા છે ત્યારે સાબરકાંઠામાંથી એડવેન્ચર ટ્રેકીંગ માટે પહોંચેલા હિંમતનગર તાલુકાના ૪ યુવાનો ફસાયા છે પરંતુ સલામત હોવાની જાણકારી મળતાં તંત્ર અને પરિવારજનોએ હાશ અનુભવી છે. સાબરકાંઠા ડીઝાસ્ટર વિભાગ ફસાયેલા યુવાનોના પરિવાર સાથે સતત સંપર્કમાં હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

ઉત્તરાખંડમાં તૂટેલા મહાકાય ગ્લેશિયરનું ધસમસતું પાણી ચમોલી થઈને ઋષિકેશ તરફ પહોંચ્યું છે. ગ્લેશિયર હોનારતમાં અસંખ્ય ગામોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. મૃત્યુ આંક સતત વધી રહ્યાના આંકડા બહાર આવી રહ્યા છે ત્યારે ગુજરાતથી પ્રવાસ માટે અને એડવેન્ચર ટ્રેકીંગ માટે ગયેલા પ્રવાસીઓ ફસાયાના અહેવાલ વચ્ચે તમામ ગુજરાતી સલામત હોવાનું બહાર આવ્યા પછી તંત્રએ રાહત અનુભવી છે. જાણવા મળ્યા મુજબ હિંમતનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારના ૪ જેટલા યુવાનો એડવેન્ચર ટ્રેકીંગ તાલીમ માટે તા.૨ ફેબ્રુઆરીએ ઉત્તરાખંડના કેદારકંઠા તરફ જવા રવાના થયા હતા જ્યાં તા.૪ ના રોજ પહોંચીને તાલીમમાં જોડાયા હતા તે સમય દરમ્યાન ચમોલીના રેણી ગામ નજીક ગ્લેશિયર તૂટી પડતાં ધોલીગંગા નદીમાં પૂર આવ્યું છે અને નદી ઉપર બનાવવામાં આવેલા એનટીપીસી પાવર પ્રોજેક્ટ નામશેષ થઈ ગયો છે. આજથી ૮ વર્ષ અગાઉ સર્જાયેલી કેદારનાથ ત્રાસદાયી ફરીથી સ્મૃતિપટ ઉપર પ્રજાને અંકીત થઈ ગઈ છે. ત્યારે ગ્લેશિયર તૂટ્યા પછી સર્જાયેલી હોનારતમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાંથી કોઈ પ્રવાસીઓ ફસાયા છે, કોઈ જાનહાનિ થઈ છે તે જાણવા માટે જિલ્લા ડીઝાસ્ટર વિભાગના ફોન સતત રણકી રહ્યા છે. અરવલ્લી તંત્રના જણાવ્યા અનુસાર ઉત્તરાખંડમાં જિલ્લાના કોઈ પર્યટક ફસાયા નથી તેવું જણાવ્યું છે. જ્યારે સાબરકાંઠામાંથી ૪ યુવાનો એડવેન્ચર ટ્રેકીંગ માટે ગયા હતા તેમનો સંપર્ક થઈ શક્યો નથી પરંતુ પરિવારજનો સતત તેમના સંપર્કમાં છે અને સલામત છે.

**ઉત્તરાખંડમાં અટવાયેલા યુવાનો..**

ધ્રુમિલ એમ. પટેલ, જય પટેલ, વેદાંત મોદી, હાર્દિક પટેલ

**ઉત્તરાખંડ ગયેલા યુવાનો ઉપર કોઈ જોખમ નથી**

સાબરકાંઠા ડીઝાસ્ટર નાયબ મામલતદાર કે. બી. પટેલે જણાવ્યું કે સાબરકાંઠાના ૪ યુવાનો એડવેન્ચર ટ્રેકીંગ માટે ઉત્તરાખંડના કેદારકંઠા ગયા છે પરંતુ પરિવાર તેમની સાથે સંપર્કમાં છે અને તે વિસ્તારમાં કોઈ જોખમ નથી. તેઓ ક્યારે પાછા આવવાના છે તે જાણકારી હજુ મળી નથી.

**જોખમી બમ્પ મોતનું કારણ બન્યો કે શું..??**

## વાત્રક નજીક બાઈક ચાલક ટ્રકટ્રેલર નીચે આવી જતાં કમકમાટી ભર્યું મોત

**મૃતદેહને ઓળખવો કઠીન બન્યો, તંત્ર બમ્પ ઉપર સફેદ પટ્ટા મારવાનું ભૂલ્યું**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

બાયડ-ધનસુરા હાઈવે ઉપર વાત્રક નજીક વળાંકમાં માર્ગ અકસ્માત ઘટાડવા બમ્પ બનાવ્યા પરંતુ તંત્રએ પ્રજા ઉપર ઉપકાર કર્યો હોય તે રીતે જોખમી બમ્પ બનાવ્યા હતા. જેથી ગમખ્વાર અકસ્માત થવાની દહેશત ગાંધીનગર સમાચાર દ્વારા વ્યક્ત થઈ હતી. ગત રોજ બાઈક ચાલક બમ્પ પાસે જ ટ્રકટ્રેલર નીચે આવી જતાં તોતિંગ પૈડાં ફરી વળતાં ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. બનાવ અંગે બાયડ તાલુકાના દહેગામડાના મેલાભાઈ સોમાભાઈ ખાંટની ફરિયાદના આધારે બાયડ પોલીસે ટ્રકટ્રેલર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ આરંભી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર તાલુકાના વાત્રક હોસ્પિટલ નજીકનો હાઈવેનો વળાંક અત્યંત જોખમી છે. અત્યાર સુધીમાં ૧૦ થી વધુ લોકોનાં મોત નિપજ્યા પછી કુંભકર્ણની નિંદ્રામાં આળોટતું તંત્ર જાગ્યું અને ગત શનિવારે બે સ્પીડ બ્રેકર બનાવવામાં આવ્યા હતા પરંતુ સ્પીડ બ્રેકર નાના વાહન ચાલકો માટે મોતનું નિમિત્ત બને તેવી દહેશત વ્યક્ત થઈ હતી. ગત રોજ બાઈકને લઈને જતો ઈશ્વર રણછોડભાઈ નિનામા(મૂળ રહે.થાના, ડુંગરપુર, રાજસ્થાન) ત્યારે બમ્પ નજીક યમદૂત બનીને આવેલા ટ્રકટ્રેલરના તોતિંગ પૈડા નીચે આવી જતાં ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. અકસ્માત બાદ ટ્રાફીકજામ થયો હતો. પોલીસ દ્વારા ફરાર વાહન ચાલકની તપાસ શરૂ કરવામાં આવી છે.

# ગાબટ નજીક નરસેલાકંપાની આગ ભભૂકી, ૧૫૦ વિઘામાં ઘાસચારો, વૃક્ષો બળીને ખાખ

**લાખો રૂપિયાના નુકસાનની આશંકા, ફાયર ફાઈટરોની ૫ કલાકની જહેમત પછી આગ કાબુમાં**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

બાયડ તાલુકાના નરસેલાકંપામાં રવિવારે આગ ફાટી નિકળતાં ૧૫૦ વિઘામાં વાવેતર કરેલ ઘાસચારો, કિંમતી વૃક્ષો બળીને ખાખ થઈ ગયાં હતાં. શ્યામબાપુના પરિવારની જમીનમાં ફાટી નિકળેલી આગમાં લાખો રૂપિયાના નુકસાનનો અંદાજ સેવાય છે. મોડાસાથી આવેલા ફાયરફાઈટરોએ ૫ કલાકની જહેમત પછી આગ ઉપર કાબુ મેળવ્યો પરંતુ તયાં સુધીમાં આગે વિનાશ વેર્યો હતો.

પ્રાપ્ત જાણકારી અનુસાર ગાબટ ગ્રામ પંચાયતના સરપંચના પરિવારનો નરસેલાકંપો ગાબટ નજીક આવેલો છે જ્યાં ૧૫૦ વિઘા જમીનમાં ઘાસચારો, સાગ, લીમડા સહિતના કિંમતી ઝાડનો ઉછેર કરવામાં આવે છે. તા.૭ના રોજ બપોરે ખેતરમાંની ડી.પી.માં શોર્ટ



સર્કીટ થયા પછી તણખલા પડ્યા હતા અને જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં લબકારા મારતી આગ અડધો કી.મી. દૂર સુધી જોઈ શકાતી હતી. શ્યામબાપુના ફાર્મમાં આગ લાગ્યાનું જાણવા મળતાં ગાબટ, ઉભરાણ સહિતના વિસ્તારોમાં અનેક લોકો મદદ માટે પહોંચ્યા હતા પરંતુ તેજ પવનના સૂસવાટા અને આગનું ભયાનક સ્વરૂપ જોતાં મોડાસાથી ફાયર ફાઈટરની મદદ લેવામાં આવી. સવારે ૧૧-૦૦ કલાકે ભભૂકેલી આગ સાંજના ૫-૦૦ કલાકે માંડ અંકુશમાં આવી હતી પરંતુ ત્યાં સુધીમાં અનેક કિંમતી વૃક્ષો અને મોંઘો ઘાસચારો આગમાં હોમાઈ જતાં પરિવાર ઉપર આફત આવી પડી હતી. ૧૫૦ વિઘાના ફાર્મમાં પી.વી.સી. પાઈપલાઈન દ્વારા સિંચાઈની સુવિધા ઉભી કરી હતી તેને પણ અગણિત નુકસાન થયું છે. પરિવાર દ્વારા આગનું કારણ જાણ્યા પછી વિજ તંત્રની બેદરકારી હશે તો કાનૂની કાર્યવાહી પણ થઈ શકે છે.

## સરડોઈની પ્રાથમિક શિક્ષિકા એ ગોલ્ડમેડલ મેળવી ગૌરવ વધાર્યું

**વાલ્મિકી પરિવારમાં ખુશાલીનો માહોલ**

મોડાસા તાલુકાના સરડોઈના હીનાબેન સુરેશભાઈ રાઠોડ (પ્રા. શિક્ષક : બદલપુર પ્રા.શાળા, તા.બોરસદ)એ ઉત્તર ગુજરાત યુનિ. પાટણમાં હિન્દી વિષયમાં એમ.ફીલ સાથે ગોલ્ડમેડલ મેળવી અરવલ્લી જિલ્લા ઉપરાંત વાલ્મિકી પરિવારનું ગૌરવ વધારતાં સરડોઈ ગામમાં ખુશાલી છવાઈ છે. નિવૃત્ત શિક્ષકની દિકરીએ પરિવારનું



નામ રોશન કર્યું છે. સરડોઈના સુરેશભાઈ રાઠોડની દિકરી હીનાબેન રાઠોડ અભ્યાસમાં તેજસ્વી હતી અને હિન્દી વિષયમાં સ્નાતકની ડીગ્રી મેળવ્યા પછી બોરસદ તાલુકાના બદલપુર પ્રા.શાળામાં અપર લેવલ વિભાગમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે. શિક્ષિકા તરીકેની નોકરી હોવા છતાં ઉચ્ચ અભ્યાસ ચાલુ રાખ્યો અને એમ.ફીલ હિન્દી વિષય સાથે ઉત્તર ગુજરાત યુનિ.માં જોડાયા જેમાં ઉચ્ચ મેરીટ સાથે ઉત્તિર્ણ થયા અને ગોલ્ડમેડલના હક્કદાર બન્યા.

# અરવલ્લી જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોને ફરજીયાત કોરોના રસી લેવાની છે તેવા મેસેજ વાયરલ થતાં હલચલ

**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની બાયડ-ડેમાઈની ઓચિંતિ મુલાકાત, વેક્સિન લેવી ફરજીયાત નથી..!!**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

અરવલ્લી જિલ્લામાં પ્રા.શિક્ષકોને કોરોના વેક્સિન આપવાની શરૂઆત થઈ છે ત્યારે ૬ તાલુકાના અનેક પ્રા.શિક્ષકોએ કોઈપણ કારણોસર કોરોનાની રસી મૂકાવી ન હતી. ત્યારે સોમવાર સવારથી જે શિક્ષકોને વેક્સિન લેવાની બાકી હોય તેમને વેક્સિનેશન માટે પહોંચવાના આદેશ છે અને ડી.પી.ઓ. જાતે રીવ્યું લેવાના છે તેવા મેસેજ વાયરલ થતાં અનેક શિક્ષકો વેક્સિનેશન માટે નિયત કરાયેલા બુથ ઉપર પહોંચ્યા હતા. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સ્મિતાબેન પટેલે બાયડ, ડેમાઈ સહિતના કેટલાક રસીકરણ કેન્દ્રોની મુલાકાત લીધી હતી. બાયડમાં વેક્સિનેશનનો લાભ લેનારા શિક્ષકો સાથે તેઓએ સીધો વાર્તાલાપ કર્યો હતો તેમજ વેક્સિનેશનથી કોઈ આડઅસર થતી નથી અને તમામ પ્રા.શિક્ષકોએ વેક્સિનેશનનો લાભ લેવો જોઈએ તેમ જણાવી વેક્સિન લેવી ફરજીયાત ન હોવાનું પણ જણાવ્યું હતું.

કોરોના વેક્સિન બાબતે અનેક પ્રકારની અફવાઓ ફેલાવવામાં આવી હતી. જેના કારણે ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ પૈકીના અનેક કર્મચારીઓએ યેનકેન પ્રકારે રસી લીધી ન હતી. અરવલ્લી જિલ્લાના તમામ પ્રા.શિક્ષકોને કોરોના વેક્સિનથી રક્ષિત કરવા માટે તમામ તાલુકાઓમાં કાર્યક્રમ આરોગ્ય વિભાગની નિગરાની હેઠળ યોજવામાં આવ્યો હતો. શિક્ષકો કોઈપણ પ્રકારના ભય અને ખોટી ગેરસમજથી પ્રેરાય નહીં તે માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તેમજ નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ કોરોના વેક્સિન લઈને પ્રા.શિક્ષકોને પ્રોત્સાહીત કર્યા હતા તેમ છતાં કોઈપણ કારણોસર કોરોના વેક્સિન લીધું ન હોય તેવા પ્રા.શિક્ષકોને કોરોના વેક્સિન લેવા અનુરોધ કરાયો છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ ગાંધીનગર સમાચાર સાથેની ટેલિફોનિક મુલાકાતમાં જણાવેલ કે જે શિક્ષકોએ કોરોનાની રસી મૂકાવી ન હોય તેમના માટે રસી મૂકાવવાની ફરી એક તક છે પરંતુ ફરજીયાત રસીકરણ માટે જણાવ્યું નથી.



**જન્મદિને વધામણી**



**સુજાન ગીરીશભાઈ પટેલ**

મો. ૯૪૨૬૪૮૦૮૧૭

# આફત : જિલ્લામાં બટાકાના પાકમાં કૃમીનો રોગ દેખાતાં ધરતીપુત્રો ચિંતિત

**રોગના કારણે પાક વહેલો કાઢવા ખેડૂતો મજબૂર બન્યા**

બાયડ, ઈડર તા.૦૮

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સમયે બટાકાના પાકમાં કૃમી નામનો રોગ દેખાતાં ધરતીપુત્રો ચિંતિત બન્યા છે. એક તરફ કમોસમી માવઠાં અને હવામાન પલ્ટાવના કારણે ખેડૂતો ચિંતિત છે ત્યાં પાકમાં રોગ ઘસી આવતાં ખેડૂતોની માઠી બેઠાના અણસાર જોવા મળ્યા છે.

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં હજારો હેક્ટર જમીનમાં બટાકાના પાકનું વાવેતર થયું હતું જેમાં ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, હિંમતનગર, તલોદ, પ્રાંતિજ, ધનસુરા, બાયડ, મોડાસા, માલપુર, ભિલોડા સહિતના વિસ્તારોના ખેડૂતોએ વિવિધ વેરાયટીના બટાકાનું વાવેતર કર્યા પછી પાક તૈયાર થતાં ખેડૂતોએ કેટલીક જાતના બટાકાનો પાક લેવાની શરૂઆત કરી હતી પરંતુ ઈડર સહિતના કેટલાક વિસ્તારોમાં બટાકાના પાકમાં કૃમી નામનો ચેપી રોગ દેખાતાં ખેડૂતોની ઉંઘ હરામ થઈ ગઈ છે. ખેડૂતોના જણાવ્યા અનુસાર કૃમીનો ચેપ લાગતાં વેપારીઓ બટાકાની ખરીદીમાંથી મોં ફેરવી રહ્યા છે. ખેડૂતોએ પોતાની તમામ જાત ઘસી નાખી બટાકાના પાકની વાવણી કરી હતી. જેમાં મોંઘુ બિયારણ ઉપરાંત દવા-ખાતરનો ઉપયોગ કર્યો અને સારા પાક ઉત્પાદનની આશા લઈને બેઠા ત્યાં પાકમાં રોગની આફતે ખેડૂતોને પાયમાલ કરવા માટે મજબૂર કર્યા છે. આ વિસ્તારના ખેડૂતોએ જણાવ્યું કે ખેતરના એક છેડાના ભાગે કૃમી રોગનો ચેપ લાગે એટલે ટૂંકાગાળામાં આખા ખેતરમાં રોગ પ્રસરી જાય છે.



# ચૂંટણી જંગ : બાયડ પાલિકામાં પ્રથમ દિવસે ૩૮ ફોર્મનું વિતરણ

**જિલ્લામાં ઉમેદવારી ફોર્મ લેવા માટે વિવિધ કચેરીઓમાં ધસારો**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થયું છે. સોમવારથી ઉમેદવારીપત્ર વિતરણની તાલુકા પંચાયત, મામલતદાર કચેરી, પાલિકા અને પ્રાંત કચેરીમાં શરૂઆત થઈ છે જિલ્લામાં ઉમેદવારી ફોર્મ લેવા માટે કચેરીઓમાં ધસારો જોવા મળ્યો. બાયડ પાલિકામાં પ્રથમ દિવસે ૩૮ ફોર્મનું વિતરણ થયું છે. જો કે જિલ્લામાં એકપણ ઉમેદવારીપત્ર રજૂ થયું નથી. ભાજપ અને કોંગ્રેસ ક્યારે ઉમેદવારોના નામ જાહેર કરે છે તેના ઉપર સૌની નજર ટેકવાઈ છે.

ઉમેદવારીપત્ર ભરવાની ક્યારે શરૂઆત થાય તેની આગોતરી રાહ જોઈ રહેલા ભાવિ ઉમેદવારોએ પોતાનો સરકારી જમીન અને મિલ્કતને લગતા લ્હેણા ભરપાઈ કર્યા છે જેના કારણે સરકારની તિજોરીને ચૂંટણીના કારણે આવકમાં બમ્પર ઉછાળો આવ્યો છે. નોટરી સહિત ઝેરોક્ષ સેન્ટરોને તડાકો પડ્યો છે. જ્યારે ઉમેદવારી ફોર્મની પણ ૫૦ રૂા.કિંમત નક્કી કરાતાં ઉમેદવારીપત્ર લેવામાં પણ કેટલાક ઉમેદવારો ગણતરી માંડતા પ્રથમ દિવસે જોવા મળ્યા. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા પંચાયતની કુલ-૬૬ બેઠક, ૧૪ તાલુકા પંચાયતની ૩૦૦ બેઠક, મોડાસા, બાયડ, વડાલી, હિંમતનગર પાલિકાની ૧૨૦ બેઠક અને તલોદ પાલિકાની ૨ બેઠકની પેટાચૂંટણી માટે પ્રથમ દિવસે ૫૦૦ થી વધુ ફોર્મનું વિતરણ થયું છે જો કે વિભાગ પાસે સમી સાંજ સુધી માહિતી ન હતી. પરંતુ બાયડ પાલિકાના ૬ વોર્ડની ૨૪ બેઠકો માટે પ્રથમ દિવસે જ અધધ ૩૮ ફોર્મનું વિતરણ થયું છે. કેટલાક મૂરતિયાઓએ તો સારા મૂહર્તમાં ઉમેદવારીપત્ર લેવા જવાનો નિર્ણય કર્યો છે તે જોતાં આજે અને આવતી કાલે બાયડ પાલિકા સહિત જિલ્લાના અન્ય વિસ્તારોમાંથી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે હજારો ફોર્મનું વિતરણ થવાની સંભાવના છે.

## ઈડર તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ફોર્મ માટે ઉમેદવારોનો ધસારો

ઈડર (બ્યુરો ઓફિસ) તા.૦૮

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંગેનું જાહેરનામું સોમવારે પ્રસિદ્ધ થતાં ઈડર તાલુકા પંચાયતની ૨૮ બેઠકો અને ૭ જિલ્લા પંચાયત બેઠકો માટે ઉમેદવારોનો પ્રથમ દિવસે ધસારો રહ્યો હતો. ફોર્મ માટે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો તેમના ટેકેદારો સાથે ઉમટ્યા હતા. જેમાં તાલુકા પંચાયતની બેઠક માટે કુલ-૬૫ અને જિલ્લા પંચાયતની બેઠક માટે ૧૦ ઉમેદવારોએ ફોર્મ મેળવ્યાં છે.

સોમવારથી ફોર્મ ભરવાના પ્રથમ દિવસે ઈડર તાલુકા પંચાયતની ૨૮ બેઠકો અને જિલ્લા પંચાયતની ૭ બેઠકો માટે સવારથી ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. ફોર્મ ભરવા માટે તાલુકા પંચાયત કચેરી તેમજ મામલતદાર કચેરી ખાતે રાજકીય પક્ષોના આગેવાનો અને કાર્યકરોની ચહલ પહલ સવારથી જોવા મળી હતી. તાલુકા અને જિલ્લા પંચાયતની બેઠકો કબજે કરવા માટે કોંગ્રેસ, ભાજપ અને આમઆદમીના સિમ્બોલ પર ચૂંટણી લડવા ઈચ્છતા ઉમેદવારોએ ફોર્મ મેળવી ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું છે. પ્રથમ દિવસે કોંગ્રેસ પાર્ટીના સિમ્બોલ ઉપર ૩૪, ભાજપના ૬ અને આમઆદમી પાર્ટીના ૧૬ તેમજ ૨ અપક્ષ ઉમેદવારોએ ફોર્મ મેળવી ચૂંટણી જંગમાં નસીબ અજમાવ્યું છે.

**NAME CHANGE**

OLD NAME
PATEL DAKSHABEN VINODKUMAR
NEW NAME
PATEL DAMAYANTIBEN VINODBHAI
AT. DHARMEDACAMPA, PO. AKRUND, TA.DHANSURA, DIST. ARAVLLI-383260